શ્રી

સન્યાસી

નાટકનાં-ગાયનો.

'શ્રી દેશી નાટક સમાજ' માટે

પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.

મુંબઇ. કોરોનેશન પ્રેસમાં

ભગુભાઈ ફતેહચંદ કારભારીએ છાપી.

કીંમત ૨ આના.

શ્રી

સન્યાસી

નાટકનાં-ગાયનો.

'શ્રી દેશી નાટક સમાજ' માટે

પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી ચંદુલાલ હલસુખરામ ધોળશાજી.

પ્રથમ આવૃત્તિ. પ્રત ૫૦૦૦

ઈ. સ. ૧૯૧૨ વિ! સ. ૧૯૬૮.

મુંબઇ.

કોરોનેશન પ્રેસમાં

ભગુભાઇ ફતેહચંદ કારભારીએ છાપ્યું.

કીંમત ૨ આના.

સન્યાસી નાટકનો પુર્વ વ્રતાંત.

ગુજરાતના પાટનગરના વફાદાર જાગીરદાર, હરનામસીંહની સ્ત્રી સુરબાળા ઉપર સુબા સાહેબનો રજપુત સરદાર અમરસીંહ મોહી થ-યેલો છે. સુબાના નેક રાજ્યમાં અન્યાય કરવાના ડરથી, હરનામસીંહને પોતાનો મીત્ર બનાવી, દારના વ્યસનમાં લગાડે છે. અમરસીંહ તથા તેનો પ્રપંચી સહાયક સ્યામલાલ, મળી હરનામસીંહની લાખો રૂપીઆની મીલ્કત, દારૂ અને રંડીબાજીની લતમાં પાયમાલ કરી ઉલટો તેને દેવાદાર બનાવે છે. હરનામની માતા, અને તેની શીયળવતી સ્ત્રી સુરબાળા, અનેક રીતે સમજાવી નીચ અમરસીંહની સોબત નહીં કરવા અને તેને છોડી દેવા હરનામને શીખામણ આપે છે. અમરસીંહને તે વાતની ખબર પડવાથી, દારૂના નીશામાં ચકચુર બનાવી હરનામસીંહને હાથે તેની માતાનું ખુન કરાવે છે. રાજ્ય તરફથી ગુન્હેગાર ઠરાવી, ખુનના આધારે પકડી હરનામને કેદ કરે છે. માલ મીલ્કત જપ્ત થવાથી, ને સાસુના મૃત્યુથી, નાસીપાસ થયેલી સુરબાળા વફાદાર નોકર ધીરસીંહના આશરામાં રહે છે. અમરસીંહ રાજ્યની સારી સત્તાના આધારે, જેલમાં જઇ હરનામ નીપાસે સુરબાળાની માંગણી કરે છે. માતાનું ખુન કર્યાથી જેની શુદ્ધિ ઠેકાણે આવી છે. તે હરનામસીંહ અમરસીંહને વિશ્વાસઘાતી અને નીચ કહી ધિક્કારે છે. કારાગ્રહમાં કેદ થયેલા હરનામનું દર્શન ત્યાંથી નાટકની શરૂઆત થાય છે.

ઓમ્ તત સત્ પરમાત્માને નમઃ

શ્રી સન્યાસી નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્રવેશ ૧. માતૃઘાતક હરનામસીંહ ગુજરાતના યવન સુબાના કારાગૃહમાં. પોતાના પાપનો પશ્ચાતાપ. સલ્તનતમાં પ્રબળ થઈ પડેલા અમરસીંહ ને શ્યામલાલનું આવવું, હરનામનો અમરસીંહને ધિક્કાર. સુરબાળા માટે અમરની માગણી, હરનામનો તીરસ્કાર. પોતાની માગણી કબુલ નહીં કરે તો શીરછેદની બીક બતાવે છે. હરનામ પોતાની ટેકમાં અચળ રહી મોતને શરણ થવું કબુલ કરે છે. અમરસીંહ હરનામને મારવાની તૈયારી. અચાનક હરનામના વફાદાર નોકર ધીરસીંહનું આવવું હરનામનો બચાવ. અમરને શ્યામલાલનો ગભરાટ.

પ્રવેશ ૨. પૈસાના લોભી શ્યામલાલની પુત્રી કમળ અને તેના પસંદ કરેલા પતી કાન્તનો મેળાપ, પીતાની વિરૂદ્ધ થઈને પણ કાન્ત સાથે લગ્ન કરવા નિશ્ચય. અરસપરસ વચન સાથે હાસ્ય વિનોદ. બુઢા લાલદાસ સુરતી તથા બીજા લગ્નના ઉમેદવારો સાથે. શ્યામલાલનું આવવું. લગ્નની નવી સીસ્ટમ. લોટરી. તેમાં લાલદાસ સુરતીની વીસ હજાર રૂપીયા આપી. પરણવા કબુલાત. વરઘોડાની વધામણી. કમળ કાન્તના પ્રેમમાં આશક્ત છે, તેથી બન્ને ઉપર કાગળ લખી, ગોર ભુલકણાશંકર સાથે મોકલાવે છે.

પ્રવેશ-૩. ધીરસીંહના આશ્રયમાં રહેલી હરનામસીંહની સ્ત્રી, સુરબાળા પતીની ચીંતામાં. ધીરસીંહની પત્ની લક્ષ્મીનો દીલાસો. ધીરસીંહનું આવવું હરનામ મુક્ત થવાના સમાચાર. સુરબાળા ઉપર હરનામે મોકલેલી પ્રેમ-પત્રિકા. દુઃખી અવસ્થામાં પતીના આશ્વાસનથી સતીને શાન્તિ. હર-નામની સહાયને માટે ધીરસીંહનું જવું. પ્રાણાંતે સુરબાળાની રક્ષા કરવા પોતાની પત્નિ લક્ષ્મિને ભલામણ. બાદ અમરસીંહને સ્યામલાલ, લક્ષ્મિ પાસે સુરબાળાની માગણી. પતીઆજ્ઞા પરાયણ વિરાંગ્ના લક્ષ્મિ-નો અમરસીંહની લાંચની લાલચ ને દહેસતનો તિરસ્કાર. ક્રુર હૃદયના અમરસીંહનો ક્રોધ ને નિર્દોષ લક્ષ્મિનું અમરના હાથથી ખુન. અનાથ સાધ્વી સુરબાળાનું અમરના હાથમાં સપડાવું.

પ્રવેશ-૪. હરનામની શોધમાં ધીરસીંહ. પોતાના નોકર રાઘવનું આગ-મન. લક્ષ્મિનું ખુન ને સુરબાળા અમરના હાથે સપડાયાના ખબર. સતી લક્ષ્મિના ખુનના સમાચારથી ધીરસીંહનું દીવાના થવું.

પ્રવેશ-૫. ગુજરાતના સુબાનો દરબાર. અમરની મારફત જેલ તોડી હરનામને છોડાવી જનાર ધીરસીંહની ખબર. સુબાનો ક્રોધ, હરનામને અને ધીરસીંહને પકડી લાવવાનો હુકમ, જાસુસ મારફત વીશળગઢના સ્વતંત્ર રાજા વીશળદેવના ખંડણી ન આપવાના સમાચાર, સુબાનો. અમરસીંહને લશ્કરનો સેનાપતિ બનાવી, વીશળગઢ સર કરવાનો હુકમ, અમરની સુરબાળાને સાથે લઇ જવા શ્યામલાલને સુચના. નાચ.

પ્રવેશ—૬. નામ પ્રમાણે ગુણવાળા ભુલકણાશંકર ગોરની ગંભીર ભુલ ક્રમળો લખી આપેલા કાગળો, ઉલટ પાલટ આપવા. કાન્તની કાગળ વાંચી વિસ્મયતા ! લાલદાસને મળેલો કાગળ કાન્ત પાસે વંચાવવો. કમળ પોતાને ચાહાય છે સાંભળી ખુશ થવું. મળવાનો ઠરાવ. બેહનો ભરમ ફોડવા, કાન્ત લાલદાસનો નોકર. કમળને મળવાના ઉમંગમાં લાલદાસ.

પ્રવેશ ૭ મો. પહાડની તળેટીમાં મહાત્માના બોધથી શાંતિ મેળવી વીરામ પામેલો હરનામ, સન્યાસી. દીવાના થયેલા ધીરસીંહનું આવવું, લક્ષ્મીના મરણથી દીન અવસ્થામાં ભાન ભુલેલા પતીની શોકમય સ્થીતી. વૈર લેવાની ધુન. અમરનું આવવું. નીચ કૃત્યો કરતાં નહિ ડરનાર અમરના હાથે ધીરસીંહનું ખુન, હરનામનું આવવું. અરસપરસ ઓળખાણ. યુદ્ધની માગણી. અમર હરનામને પકડવાની તૈયારીમાં વીશળગઢના વીર સેનાપતિ કેશરીસીંહના હાથે હરનામનો બચાવ.

અંક ૨ જો.

પ્રવેશ—૧ લો. સેનાપતિ કેશરીસીંહનો બગીચો, કેશરીસીંહની પુત્રી તથા સાહેલીઓનો હાસ્ય વિનોદ. સન્યાસી સાથે કેશરીસીહનું આવવું. કન્યા મરિચીની વર્ષગાંઠનું અભીવંદન. સંપુર્ણ સુખી મનુષ્ય ના સુખના સાધનની યાદગીરીનો અધુરો લેખ હરનામના હાથે પુરો થાય છે અર્થનું સમાધાન. કેશરીસીંહનો સન્યાસીને માટે ઉંચ અભીપ્રાય. પોતાની કન્યાને સંસ્કૃત સાથે ધાર્મીક જ્ઞાન શીખવવા પ્રાર્થના, મરિચી ને સન્યાસીથી સંતોષ. પ્રથમ પ્રેમ દર્શન.

પ્રવેશ—૨ જો. પોતાનો લોભી પીતા લાલદાસથી પોતાનું લગ્ન કરશે, તેમ ધારી પોતાની દાસી લીલીને પોતાનો પોષાક પેરાવી કમળ બનાવવી, કાન્તને બદલે લીલી બુઢા લાલદાસને પરણાવવા પાકી સલાહ, લાલદાસનું આવવું અકલના અધુરાને ખીસ્સાના પુરા વિષયાંધ લાલદાસ કાકા લીલીને જોઇ મોહીત થાય છે, ખાનગી લગ્ન કરવા ગોઠવણ. લગ્નનો નકી દીવસ.

પ્રવેશ-૩ જો. મરિચીનું વિદ્યાભવન, પ્રેમમય મરિચીનું ભણવામાં નહી લાગતું મન. સન્યાસીના પ્રેમની માગણી, સંસારથી કંટાળેલા સન્યાસીની દ્રઢતા, હાસ્યવીનોદ, કેશરીસીંહના અમરસીંહની છાવણીમાં જવાના સમાચાર, દગલબાજ અમરસીંહ કેશરીસીંહને સપડાવશે. એમ સમજી હરનામનું બહાદુર અંગ રક્ષકો લઇ છાવણી તરફ જવા પ્રયાણ. મરિચી તેને મંગળ શુકન આપે છે.

પ્રવેશ ૪ થો. વીશાળગઢની સરહદ ઉપર, અમરસીંહની છાવણી. કેદી સુરબાળા અમરસીંહના કબજામાં, અમરની પ્રેમ માગણી. સુરબાળા પતી ભક્તિમાં દ્રઢ, અમરને બોધ સાથે તિરસ્કાર વિષયાંધ અમરનો બળાત્કાર, શ્યામલાલે કેશરીસીંહ આવ્યાના ખબર, સતીનો બચાવ. કેશરીસીંહની મુલાકાત, મોટે માંગેલી લાંચ આપી કેશરીસીંહને ફોડવા પ્રયત્ન. કેશરીસીંહની દ્રઢ રાજ્ય ભક્તિ, જાતિ દ્રોહી અમરને ધિક્કાર, દગાથી કેશરીસીંહને કેદ કરવાની તઈયારી, લડાઇની ગડબડમાં સુરબાળાનું નાસી છુટવું. હરનામનું આવવું કેશરીસીંહને બદલે અમરસીંહ કેદ.

પ્રવેશ—૫ મો. યવન સેનાનાયક ખીજરખાં અને શ્યામલાલ, અમરસીંહ કેદ થયાનો અફસોસ, અમરને મુકત કરવા શ્યામલાલની યુક્તિ. છાવણીમાંથી નાસી છુટેલી સુરબાળા ફરી દુશ્મનોના હાથમાં સપડાવાની અણી ઉપર,

સન્યાસીનું આવવું, સતીનો બચાવ. સુરબાળાને જોઈ સન્યાસીને શંકા. પુર્વ વૃતાંતથી સન્યાસીને અસર. મુર્છા, અઘોરી મરિચીનું આગમન, સુરબાળા મરિચીના આશ્રયમાં. પ્રભુ સ્તુતિ.

પ્રવેશ ૬ ઠો. લાલદાસ તથા લીલી. કાન્ત તથા કમળ. લગ્નની ધામધુમ, સુરતી કાકાની મફતમાં કમળને લઇ જવાની બડાઈ, સ્યામલાલની રૂબરૂ જવા વીચાર, કાગળ લખી ખબર આપવા સલાહ, કમળને કાન્ત આંધળો બ્હેરૂં કુટાવા દે છે, જવાની તૈયારી.

પ્રવેશ ૭ મો–રાજા વીશળદેવનો દરબાર, કેસરીસીંહની પ્રશંસા, અમુલ્ય જવાહીરની ભેટ સાથે સ્યામલાલને ખીજરખાંનું આવવું, રાજા વીશળદેવનું લક્ષ્મિની લાલચમાં ફસાવું, ખીજરખાંની તરકટી વાત ઉપર વિશ્વાસ રાખી ભોળા રાજાનું ઉસ્કેરાવું, વફાદાર રાજ્યના સ્તંભ કેશરીનો તીરસ્કાર, યવન સરદાર અમરને મુક્તિ, યવન સરદારની શીખવણીથી પ્રતાપી કેશરી કેદ. કેશરીની પ્રતિજ્ઞા, રાજાને તીરસ્કાર ને શ્રાપ.

———:૦:———

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો–સુબાનું વીચાર ભવન, વીશલગઢથી આવેલ ખીજરખાં તરફથી લસ્કરના હારના ખબર. સુબાનું ક્રોધે ભરાઇ વીશલગઢ તાબે કરવા જાતે જવા તૈયારી.

૪૦૫૮

પ્રવેશ ૨ જો-પ્રેમમાં આશક્ત મરિચી, સખીઓ સાથે સન્યાસી પાસે પ્રેમની માંગણી, સન્યાસીનો અસ્વીકાર મરિચીની દ્રઢતા, મરિચીના આગ્રહથી સન્યાસીની પુર્વ સ્થીતીનો પ્રકાશ. નીરાશ મરિચીને સુરબાળાનું આશ્વાસન. સન્યાસીને સતીના સાચા પ્રેમનું દર્શન. મરિચીના પ્રેમનો સ્વીકાર કરવા સુરબાળાનો આગ્રહ. કેશરીસીંહ કેદ થયાના ખબર, મરિચી બેભાન, સન્યાસીનું કેશરીસીંહનો બચાવ કરવા પ્રયાણ.

પ્રવેશ-૩જો. પ્રપંચી સ્યામલાલ પૈસાના પ્યારમાં સુબાનો નાશ કરી, રાજ્ય મેળવવા ઉન્મત થયેલો અમરસીંહ, સ્યામલાલ સાથે મળી પ્રપંચદાવ, સુબાનો ઘાત કરવા બદલ બક્ષીસ આપવાનો કરાર, ગુપ્ત વેશે સન્યાસી સ્યામલાલને સપડાવી. કરારને પડાવી લે છે.

પ્રવેશ ૪ થો. કારાગ્રહમાં કેશરી, વફાદાર પહેરેગીર, સન્યાસીનું આગમન મળેલા અન્યાયને માટે અસંતોષ સન્યાસીનું શાન્તવન કેશરીને છોડાવવા સન્યાસીની સલાહ, કેશરીસીંહની દ્રઢતા મરણનો સ્વીકાર મરીચીની ભલામણ સન્યાસીની કેશરી ઉપર મમતા બંધીવાન દશામાં વીશળદેવ અમર સાથે. કેશરીસીંહનું ભવિષ્ય કથન સત્યરૂપે, વીશળદેવનો પશ્ચાતાપ, બનેનો વધસ્થાનમાં શીરચ્છેદ કરવા હુકમ.

પ્રવેશ ૫ મો. સ્યામલાલના ઉતારામાં લાલદાસ તથા કમળના કાગળો. વીસ હજાર જવાથી અફસોસ, લાલદાસનું આવવું. આંધળો બહેરું લાલદાસ સ્યામલાલને દીવાનો ઠરાવે છે. પોલીસની રકઝક કમળને કાન્ત, ભેદનો પ્રકાશ, સ્યામલાલનો પશ્ચાતાપ લાલદાસને લીલી. કમળને કાન્ત. ગોટાળો પુરો.

પ્રવેશ ૬ ઠો વધસ્થાન. કેશરીસીંહને વીશળદેવ વધસ્થાનપર મરિચી અને કેશરીસીંહનો કરૂણાજનક મેળાપ સુરબાળાનું યોગિની રૂપમાં આવવું ન્યાયની માગણી પાપીના પોગળનો પ્રકાશ કરાર સાથે હરનામ ખુનીને પ્રપંચી અમર ગુન્હેગાર કરે છે, સુબાનો ક્રોધ હરનામની માગણીથી અમર ને સ્યામલાલને ક્ષમા. અભીમાની અમરનો પોતાના ગુમાનમાં સ્વહસ્તે અપઘાત. કેશરીસીંહને વીશળદેવ મુક્ત. સીન ચેન્જ.

પ્રવેશ ૭ મો વીશળદેવના દીવ્ય બગીચામાં. મરિચીનો હરનામ સાથે હસ્ત મેળાપ. સન્યાસીનો ગૃહસ્થાશ્રમ ને આનંદ. ઇતિ શિવમ્.



પાત્રોનાં નામ.

પુરૂષ પાત્રો.

સુબો ...	... ગુજરાતનો યવન સુબો
હરનામસિંહ	... યવન રાજ્યનો જાગીરદાર સુરબાળાનો સ્વામી
અમરસીંહ ...	... સુબાનો એક રજપુત સેનાનાયક
સ્યામલાલ ...	... અમરસિંહનો ખુશામતિયો સલાહકાર લોભી વણીક
વિશળદેવ ...	... વિશળગઢનો રાજા તેનો, સેનાપતિ
કેશરીસીંહ...	... વિશળગઢના રાજ્યનો વફાદાર સેનાપતિ
ધીરસીંહ ...	... હરનામનો વફાદાર મીત્ર સુરબાળાને આશરો આપનાર
ખીજરખાં ...	... એક યવન સેનાનાયક
લાલદાસ સુરતી	... બૈરી પરણવાનો ઉમેદવાર ધનાઢ્ય વણીક.
કાન્ત ...	... સ્યામલાલનો જમાઇ કમળનો સ્વામી

સ્ત્રી પાત્રો.

સુરબાળા ...	... હરનામની ધર્મ પત્નિ
મરીચી ...	... કેશરીસીંહની કન્યા
લક્ષ્મી ...	... ધીરસીંહની સ્ત્રી
કમળ ...	... સ્યામલાલની પુત્રી કાન્તની પાછળથી પત્નિ
લીલી ...	... કમળની દાસી પાછળથી લાલદાસની સ્ત્રી
	લગ્નના ઉમેદવારો દીવાન વજીર સેનાપતી દરબારી વારાંગનાઓ—લશ્કર—સિપાઇયો વિગેરે.

॥ ॐ तत् सत् परमात्मने नमः ॥

શ્રી

સન્યાસી નાટકનાં ગાયનો.

સુત્રધાર:—

મંગળાચરણ.

પાહિમામ્, પ્રણામ પ્રભુવર.
શુદ્ધ બુદ્ધ, મુક્ત શિવ શિવ કર.
તું અભેદ, તું અછેદ, વિહિત વેદ તું છે એક.
આદી અનાદી તું અનંત, સત્ય ચિતને આનંદ
કરી કરૂણા કૃપાવંત, બાંહ્ય ધારો ભગવંત.

નટીઓ:— ૧

સતી જે શિયળવતી પતી પ્રભુસમ માને તેને ધન્ય..
વ્યાપે યશ વિમળ અચળ ભુતળ ઉપર
સતી નારીના યુગ યુગાંતર—ધન્ય.

સદા સંતોષ સ્થિતીમાં, નીશદીન લીન પતીમાં
કરે નીંદા ભલે દુરીજન, તજે નહીં ઉર પતીનું ભજન.
રટણ એ જીવન મરણમાં, સ્વામીના હીત ચીંતનમાં,
રીઝતી પ્રસન્ન વદનમાં, સ્વામીના ધન્ય તેને ધન્ય—

કમળ:—　　　　　૨

શાને પોકારે પીયુ પીયુ પપૈયા,
તારા બોલોથી અંતરના બા.........ળ...પપૈયા,
આવી જુવાની, દીવાની બનાવી,
ગઇ અકળાઇ, મરૂં હું મુંઝાઇ,
મારા ચીતને ચોરાવે ટહુ.........કાર...પપૈયા

કમળ-કાન્ત—　　　　　૩

પ્રાણ મનહર સુખકર છોજી મારા,
મારી નયનોના બાણ, શાણી સુંદરી સુજાણ,
વ્હાલા લટકે ને ચટકે લોભાણી હું; તારા...પ્રાણ.
દીલ સોંપ્યું મેં નાથ, હાથ સાથ તે નીભાવો
પ્રેમ રસ પાઓ.
અલબેલી આમ આવો, છબીલી શું સતાવો,
રસ પાઇને રીઝાવો, એજી ના. ના. ના.
પ્રીય પ્રાણના આધાર, કમળ હૈયાની હાર
જાઓ જાઓજી ઠગારા, એજી વાહ. વાહ, વાહ...પ્રાણ

લાલદાસ—　　　　　૪

સહુ સાહેબો પધારો, મારી શોભાને વધારો
વરઘોડો છે મારો, આજે.
ઘોડાગાડીઓ જોડાવું, બેંડ વાજાં વગડાવું

મોટી મોટરો મગાવું, વાગે પં. પં. પં.
મોટો મંડપ રચાવું, લેટ કીટસન લગાવું
રૂડાં ગીતો ગવડાવું..........................વર.
જરીનો જામો પેરીશ હું, છબીલો ઘોડે ચડીશ હું
નાણાં નાંખી દઇને તું, ઘોળામાં ફુલ ઘાલેશું
છેડો બાંધીને ચડું, છાબેલાની સાથે—વર.

સુરખાળા— ૫

હે દીનબંધુ સહાય કરોને ઘનશ્યામ.
આશરે તારો દીન અબળા હું યાચું રઘુવર રામ પુરણકામ.—
જળથી વીખુટી માછલી મરશે, સ્વામી વીયોગી કયાં જઇ ઠરશે,
આંસુ સરે દીલ લ્હાય બળે.
પાપી પ્રપંચે નાથ ફસાયા ઉગારજે હરનામ મમશ્યામ—

દરબારીઓ- ૬

જય ગુર્જર દેશતણા નૃપતી, મળી સભ્યસભા તમને નમતી
જનહિતકારી વ્રતિધારી દુઃખહારી—
નવ ભેદ યવનને આર્ય પ્રતિ
નિતી ન્યાય દયા ધરમે વરતિ
નરવર, નરપર, ખુશ રહો, હરપલ શુદ્ધમતિ.

વારાંગનાઓ— ૭

હરી આઇએ સાહેલી ગુનગાઇએ રાધાવરકા.
જાઇએ જીવનપર વારી, પ્રીય પ્યારી.
કુંવર કનૈયા, બંસી બજૈયા, ધેનું ચરૈયા, લેઉં બલૈયા.
લટક લટક આવત લાલ સોહાવે સંગ ગ્વાલ
રાધાકો પ્રાણ પ્યારો, નટવર શ્રી નંદ દુલારો.
હસત હસત મોરો મનહર લીનો લાલ બાલપેં વારી.

લાલદાસ— ૮

આ સુરતમાં ! વાહ સુરતમાં ! જાદુ શું મોહી ગઇ બુલબુલ.
એ મીઠાં વેણો સાંભળી કીધું મેં દીલડું ફુલ
ખુલી ગયું મારૂં તકદીર આનંદે આહાહા હા હા હા.
ફુલેલ તેલ અત્તર લગાવું પફ પાઉડર
કલપ લગાવું કાળો, જુવાન બનું રૂપાળો.
લોભાવું લટકે ગધા, થઇ હું કાન કાળો.
છલબલ કલથી પરણી પ્યારી ભપકો મારી.
જાઉં બલીહારી જાઉં લાવું લાડી લટકાળી.

હરનામ— ૯

ત્યાગી માયા હું તો થઇ બેઠો છું ત્યાગી.
ચોળી અંગે વિભુતી હું વૈરા...ગી—
ભવ સરવર પર ફરતાં પંખીડાં, સ્વાર્થ જળના રાગી.

જળ સુકાતાં સહુ દૂર થાતાં, સ્નેહથી શુન્ય અભાગી—
પ્રેમ પરીક્ષક મીન બીચારૂં, દે જીવન તન ત્યાગી
અશરણુ શરણુ તું હે જગત્રાતા, તવ ચરણે રઢ લાગી—

અંક બીજો.

ગરબો ૧૦

મરિચી તથા સાહેલીઓ—

સ્નેહ સ્વર્ગે રે સ્નેહ સ્વર્ગે—માલે પ્રેમી જોડાં હાથ સાથ
હાથ ધરીને—સ્નેહ.

નિત્ય ફરતાં, હર્ષ ધરતાં, શાંતિ ભરતાં, સ્તોત્ર ભણતાં
ચંદ્ર ઉદીત થાય (૨) રવી સમાય: ક્ષિતિજ માંય
મંદ પવન વાય (૨) સિંધુ લહરી ખલભળાય પંખી સ્થાન વિચરતાં—
લતા કુંજવન ઉપવને, પ્રેમ પંથ પર વિણુ
સ્વતંત્ર સુખને ભોગતાં, પ્રેમરસે તલ્લિન-
એ રસમાં રસબસ થાતાં રસીલાં જોડાં હરખાતાં.
પ્રભુના ગુણ મહિમા ગાતાં, નિર્મળ અંતરથી થાતાં.
જીવન સુખકર સ્વર્ગ બનાવી, શાન્તિ અમૃત પાતાં.
પાપ વાસના નાશ કરીને, સ્નેહ વિમળ જળમાં ન્હાતાં.
શ્રેયસ્કર સિદ્ધિ પાતાં, જીવનથી મુક્ત મનાતાં

જગત વિષે સુખી જનએ, પ્રણય પંથે નિત્ય વીચરે.
પ્રેમી પ્રભુના રાજ્યમાં, સઘળે પ્રેમાનંદ
પ્રેમીજન રતિ રસ ભીના, માણે પરમાનંદ
પ્રેમી પંથ ઇષ્ટ સ્વર્ગ સુખ આપે, હૃદય શાન્તિસ્થાપે

કુંટકાએ સખી— * * * *

પાપ પુંજ બાળિ સંતાપ તાપ ટાલે.
વિજ્ઞાન જ્ઞાન આલે પદવી અમરને

સખી— * * * ૧૧ * *

અમૃત ભર્યું આ અધરમાં, વચને રહ્યું અમૃત ઝરી
અમૃત ધર્યું સ્તન અંતરે, વળી દ્રષ્ટિ પણ અમૃત ભરી
આલીંગશે જે ભુજ ભરી, આ અનુપ અમૃત વેલડી
તે માનવી વર અમરને, પછી મરણ ચીંતા શી પડી.

સખી ૨— * * * * *

જો આ રસીલા અધરથી, વહેતી વીચારી સરસ્વતી
આ કર્ણના મણી કુંડળે, મણી કર્ણીકા ગંગા સતિ
શીરવેણી અમૃત તુલ્ય બાળા, તિર્થ ત્રિવેણિ સમી
સ્નાને હરે સૌ પાપ, શ્રીગંગા યમુના સરસ્વતી.

સખી ૩– * * * * *

પ્રત્યક્ષ છે પૃથ્વી વિષે, આ નિષ્કલંકી ચંદ્રમાં
વરસાવતો અમીરસ કીરણ, જાણે ભર્યાં આ અધરમાં
સ્મિત સુંદરી કરતાં ઝરે, જાણે જે અમૃત બીંદુડાં
નેત્રે અમી રસ વરસાવતી, દર્શાવતી અદ્‌ભુત ક્રિડા

સખી ૧– * * * *

પલમાં ભ્રમર ધનુષ્યે કરી, નિજદ્રષ્ટિ સર સંધાનને
વીંધી હૃદય સંહારતી, વીરહી જનોના પ્રાણને
પલમાં લલીતા લાજતી, દ્રષ્ટી રહી નીચી ધરી
જાણે લજ્જામણી વલ્લિકા, પર પુરૂષ સ્પર્શે લાજતી.

સખી. ૩— * * * *

પળમાં રીસાતી રતીવતી, પતી સ્પર્શ કરતાં અંગને
પળમાં ચહે પ્રીયતમ સમાગમ, હૃદય ધરી આનંદને
ચેષ્ટા કરે વીધ વીધ ચતુરા, ચારૂ ચંચળ લોચના
નવયૌવના પુલકીતમના, ચંદ્રાનના દુઃખમોચના

અરિચી-સાહેલીઓ—* **૧૨** * *

આ યૌવન ફુલવાડી, ખીલીજો ડાલીડાલી
કેવી નવ નવ રંગની બહાર છે
મદન વસંત વેલી અંગમા

રાગ રંગે રંગીલી રમે રંગમાં
શોભા સુંદર મનમોહક અપાર છે—
કળી કોમળ આ શે કરમાવો, શરમાવો કાંઇ શરમાવોરે
વેલી વિકળ કરી ના ગભરાઓ, દુર થાઓ, હસીના હસાવોરે
સુંદર મનહર વાહરે વાહ નવ શરમા, નવ ગભરા,
ભોગી આલી બાલા રીઝાવશે—

મરચી— * * ૧૩ * *

રંભાતુલ્ય રતી પ્રવિણ રમણી, શ્રંગાર શિરોમણી
સંપતિ ગૃહ રાજ્ય લક્ષ્મિ, મનને આનંદ દાતા ધણી,
આજ્ઞાંકીત સુસેવકો સુખદને, સ્નેહી જનો શાન્તિદા.
તારૂં તે નથી લેશ માત્ર જીવરે, આ બંધ નેત્રો થતાં.

મરચી— * * ૧૪ * *

છબી સુંદર મનહારી ગઇ મારૂં મનહારી
અલબેલા ચતુર સુજાણ, પુરા પંડિત પ્રેમી શ્રીમાન.
વાણી રસીલી બહુ પ્રેમે ભરેલી દ્રષ્ટી અમીની દેખાય
મન લલચાય મળું જઇ ક્યાંય.
કરી બાળા બીચારી. મંત્ર મોહન લગાવી
ભાન ભુલી થઇ ઘેલી, ક્યાં જોતી ફરૂં.
મન ગયું મારૂં પ્રીયતમમાં—

લીલી— * * ૧૫ * *

પીટયા હૈયા ફુટાને, હું હાથમાં રમાડું
એ વરડા લુવડને, હું નખરે નચાડું
જો કહું કરો સલામ, કે'શે આપનો ગુલામ.
તો તો લીલી મારૂં નામ.
પીવાડું પાંદડે પાણી, ફરૂં હું થઇને શેઠાણી
કહું પ્યારા છો મારા, તમારી હું દારા, હસીને હસાડું
પહેરીને ફુલ ડ્રેસ, ફરૂં હું ફેસનમાં.
ન ચાલું જમીનપર, ઉડું બલુનમાં.
હાથોમાં, બાથોમાં, વ્હાલાની રહીને પ્રિતીરસ પીવાડું—પીટ્યા

લાલદાસ—કાંત—વગેરે ૧૬

ચાલો લટકથી ચાલ: બની અલબેલા લાલ
ખુબ મીલાવ્યો તાલ, વરણાગીઆ.
ભલી લાગી છે ભાલ, થયા નસીબે ન્યાલ
વાહરે ફાંકડાજી લાલ, વરણાગીઆ.
મીંઢળની એ જોડા મંગાવો, પીઠી ચોળાવો પ્યારા.
હીરા મોતીના હાર પહેરાવો, ફરૂં ફેસનમાં પ્યારા.
ગીતો ગવાડું લાંબા લ્હેકેથી પડદમ ઢોલ મઢી સારા
ખરરર—ઢુમ—

પરણે છે લાલ લટકાળા, પેરીને વરમાળા, છબીલા છોગાળા
રે લાલ વરણાગીઆ—

હરનામ-મરિચી— ૧૭

તનમન અરપણ સરવે સ્વામી શરણે
કરૂં હું અંતર ભાવથી.
પ્રિતી ગંગાજળથી સ્નાન કરાવી
સેવા કરૂં મન ભાવતી
ચરણોદકનું પ્રાશન કરૂં હું પ્રેમે
પુરા અંતર ભાવથી
અમે સાધુ ત્યાગી ત્યાગી સહુ માયાને.
કનકને કાન્તા સ્પર્શે નહીં કયાને
એવું નવ બોલો બાલા. સ્વામીજી સ્વામી વ્હાલા
મેં તો માન્યા સ્વામી મારા અંતરથી
રહો રહો દુર જરા અતરથી
દુર કમ સંગેથી, જીવ થાય અંગેથી—

મરિચી— ૧૮

સીધારો સ્વામીજી, વિજય અરપી તમ રક્ષણ કરો જગનાથ
અરીના દળને પળમાં દળજ્યો (૨) ફરજ્યો કુશલ થઇ
રહી રળીયાત સદા વિજય—
વીર ધર્મને હૃદયે ધરજ્યો સ્વામી સફળ જીવન તમ કરજ્યો
વિશ્વપતી સહુ વીઘ્નો હરજ્યો, વરજ્યો યશ વિખ્યાત—

સુરબાળા— ૧૯

વીભુ દીન હીન અબળા હુ છેકજ હારી
બહુ અમુંઝાઇ ગઇ અકળાઈ, અરજી હરજીવન લ્યો અવધારી
સ્વામી વીયોગે સતી ટળવળતી, નાંખી નિશાસા નિશદીન રડતી.
શીર પ્રભુ દુઃખની થઇ અવધી.
દુઃખથી પ્રભુ લ્યો બચાવી, વારે વ્હાલા આવી બીરદની ભાવી—

હરનામ–સુર–મરિચી— ૨૦

જય જગવંદન, દીન દુઃખભંજન, જનમનરંજન મોરારી
જય જગનાયક, સત્ય સહાયક, પાલક દુઃખટાલક ત્રાતા,
તું વિધાતા પહિમામ.
રામ જેને રખવાળ નહીં કો મારે, તે ઉગારે, ધરણીધર ધારે–
ભક્તવત્સલ ભગવાન આશરે તારે તું ઉધારે, ભવનિધીથી તારે—
ચૌદ લોકનો નાથ ચહાય તો જળમાં પથ્થર તારે–
તારે તું ઉગારે, અદભુત કૃતી છે ભારે.
પાહિમામ.

બધા ૨૧

માણેક મોતીનો પહરે ભરાવો પહરે ભરાવો
લીલા ગજના વાઘા હાંરે કુંવર લીલા ગજના વાઘાજીરે
કોડ ભરદીને વાઘા પહેરોરે વરરાજા, પેરોરે વરરાજા,
માતાના મન મહોરો, હાંરે.

માતા માણેક વહુ આણી પેરે જોશે, પેલી પેર જોશે,
લળી લળી મુખ સામું જોશે—હાંરે.

૨૨

કમળ, કાન્ત, લાલદાસ, લીલી—

હંબા હાં ચાલો
સ્યામલાલ શેઠીઆને જઇ સમજાવીએ, ઠીકછે.
ફુલાણુજી ફાંકડાને ફંદમાં ફસાવીએ, ઠીકછે.
કમળના કંથજી સ્વામી સુજાણ છો.
વાહરે અલબેલી તું ગોરી ગુણ ખાણ છો.
જાય છે લેવા મારા લાલકાકા લાણ જો
આપણું શું જાય ભલે થાય રમખાણ જો.
હંબા હાં ચાલો, વખત જાય ઠાલો, આંધળો બહેરું જઇ
આજ અથડાવીએ. હં.

નાચ

—o—

અંક ત્રીજો

મરિચી— ૨૩

પ્રેમબાણ દઈ ગયો, આ પ્રાણ સાથે લઈ ગયો.
પ્રવાસી ક્યાં રીસાઇ ગયો, સન્યાસી ક્યાં છુપાઇ ગયો

ભુલી હું બાઇ ભાન આજ—
વસ્ત્ર વેશ મંગળથી, હસ્તના કમંડળથી
ભાલચંદ્ર મંડળથી, વાણી મૃદુ ચંચળથી
ભુલી હું જ્ઞાન ધ્યાનમાંજ—
હસીને હસાવી ગયો, નયને લલચાવી ગયો
વીરહે રીબાવી મારૂં ચીત એ ચોરી ગયો
નણદલ વીર માન્યા મે તો ભગવંત ભરૂંસે મેં તો
દે એ વર બુદ્ધર દેતો, લે આ અરજી ઉર લે તો

૨૪

અરે વારે સંન્યાસી વનવાસીની પ્યાસી
ઉદાસી શું આવી તેં અંગ ધારી શાણી બેન મારી
વિરાગી વૈરાગીથી રાગી થનારી
કહેવી અક્કલની તારીફ તે શી તારી વાહ બલીહારી
અંતર ઘટના નિવાસી સંન્યાસી મારા એ
મોહનપર તનમનથી વારી જાઉં
સુંદર વર લક્ષ્મીવર અંતરથી ધાર્યાએ
સેવા કરી સ્વામીની સુખી હું થાઉં
અહોહો આતે શી નવાઇ વારે જોગીની જોગણ બાઇ
અરે વાહરે વાહ જોગી વિજોગી સંજોગીની જોગણ તમારી બલહારી.
બનાવો વેશ ભારી વિભૂતી અંગ ધારી શાણી બેન મારી

શ્યામલાલ— ૨૫

વાહ પૈસા, વાહ પૈસા, વાહ પૈસા, દુનીઆમાં એક પૈસા
છે સૌથી શ્રેષ્ટ પૈસા.
દીકરી વેચી દોલત લાવું, મોજમજા ઉડાવું
રમત ગમત નાટક ચેટક, નિશદીન જોવા જાવું
કાંઇ જલસા રોજ જમાવું સટા સર સોરટી લાવું૦ આહા.
પેઢી કહાદી, શેઠ ભારી, થાવા મારી, આશ ધારી૦ વાહ.
શ્રીમંતોમાં નામ ગણાવી, કહેવાઉં લાખ હજારી
મુંબાઇ પુના કલકતામાં, થાઉં મોટો વેપારી •
પછી રૂપતીની વારી, મન માનું નિત્ય દીવાળી
બસ ઘોડાગાડી, બાગવાડી, સાથે લાડી ફરશું દાડી દાડી.

હરનામ— ૨૬

ઝટપટ કપટ જાળથી કેશરી છોડાવું
ન્યાય નિપુણ ધર્મનો અવતાર ના હોય કેદમાં
સહાય સરજન હારની કરૂં બહાર ઝટપટ
મદમસ્ત અરી હરી અસ્ત કરજ્યો,
વિકટ સંકટ નાથ હરજ્યો
આપજ્યો જય સત્યને, હું સહાયમાં જોડાવું

શ્યામલાલ વગેરે— ૨૭

ગોટાળો ભારે થયો ભાઈ પડયા પાછા કરી સફાઇ
જુની આંખે નવી નવાઈ, બુઢાપે શી કરી કમાઇ
રૂપીઓ દઇને લીધી પાઇ-પાઇ-પાઈ..........ગોટાળો.
લોભે લાભ ગુમાવે જગમાં; સ્વાર્થીઆ નરનાર.
દીકરીના દમડા લેનારા; નરને લાખો ધિક્કાર
ભલામાં છે સદા ભલાઈ; કરી લ્યો સ્નેહથી સગાઇ
સુખી રહો બાઇ અને ભાઇ; બન્યો હું સુરતી જમાઇ
રૂપીઓ દઇને લીધી પાઈ (૩)

સમાપ્ત.

વી. રીગાડનું

ગુલ બહાર

હેર ઑઈલ.

આ તેલનો આટલો બહોળો ખપ કેમ થાય છે?

કારણ કે આ તેલનો કોઇ હરીફ નથી એની વાસ અને ખાસ કરીને ગુણ એવા છે કે જેઓએ એ તેલ વાપર્યું છે તેઓ ગુલબહાર તેલ સીવાય બીજા તેલને હાથ લગાડતા નથી.

શીશી એકનો રૂપિયો એક

હમારે ત્યાંથી સેન્ટ, સાબુ, કીટસન લાઇટ
અને તેને લગતો દરેક જાતનો
સામાન કીફાયત ભાવે મળસે.

કે. જમનાદાસની કું૦

૧૭૧ કાલબાદેવી રોડ મુંબઇ.

જાહેર ખબર.

આ ઉપરથી જણાવવામાં આવે છે કે, અમારા નાટકોનાં ગાયનોનો કોઇ પણ ભાગ, અગર કોઇ પણ ગાયન કોઇ માણસે અમારી રજા સીવાય છાપવો, છપાવવો કે ભજવવો, ભજવાવવો નહીં, તેમ છતાં કોઈ પણ માણસ અગર નાટક કર્ત્તાઓ વગેરે ભજવશે, ભજવાવશે કે છપાવશે તો કાયદેસર ઇલાજ લેવામાં આવશે.

લી० ચંદુલાલ હલસુખરામ ધોળશાજી, ઝવેરી.

શ્રી દેશી નાટક સમાજ.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હો ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં પ્રસિદ્ધ કર્તા પાસેથી મળશે મા જેઓ સાહેબને જોઈતાં હોય તેઓએ રોકડી કીમતથી મંગાવી લેવાં. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળો રાખવામાં આવશે નહિ.

૧	સતી સંયુક્તા નાટકનાં ગાયનો		(આવૃત્તી પાંચમી)	૦-૨-
૨	પતિવ્રત લીલાવતી નાટકના ગાયનો		છઠ્ઠી)	૦-૨
૩	સતી પાર્વતી નાટકના ગાયનો		ચોથી)	૦-૨-
૪	અશ્રુમતી નાટકના ગાયનો		બારમી)	૦-૨
૫	રામ વિયોગ નાટકના ગાયનો	,,	ચોથી)	૦-૨-૦
૬	ચંદ્રહાસ નાટકના ગાયનો	,,	બીજી)	-૨-૦
૭	ભોજકુમાર નાટકનાં ગાયનો	,,	ત્રીજી)	૦-૨-૦
૮	સગુણાબા નાટકનાં ગાયનો		સાતમી)	૦-૨-૦
૯	ઉમાદેવડી નાટકના ગાયનો	,,	પાંચમી)	૦-૨-૦
૧૦	વીણાવેલી નાટકના ગાયનો		ચોથી)	૦-૨-૦
૧૧	વિજયા વિજય નાટકના ગાયનો		સાતમી)	૦-૨-૦
૧૨	મહામંજરી નાટકના ગાયનો		બીજી)	૦-૨-૦
૧૩	ત્રિદેવ ભાગ નાટકનાં ગાયનો	,,	નવમી)	૦-૨-૦
૧૪	મોહિની ચંદ્ર નાટકનાં ગાયનો	,,	બીજી)	૦-૨-૦
૧૫	વિજય કમળા નાટકના ગાયનો	,,	ત્રીજી)	૦-૨-૦
૧૬	સતી સીતા નાટકનાં ગાયનો	,,	પાંચમી)	૦-૨-૦
૧૭	ભગવત્ ગીતા નાટકનાં ગાયનો	,,	બીજી)	૦-૨-૦
૧૮	સતી દ્રૌપદી નાટકનાં ગાયનો	,,	બીજી)	૦-૨-૦
૧૯	સતી પદ્મિની નાટનાં ગાયનો	,,	બીજી)	૦-૨-૦
૨૦	જાલીમ ટુલીયા નાટકના ગાયનો	,,	બીજી)	૦-૨-૦
	ભાષણ સાથે પાકું પુઠું			૧-૦-૦
૨૩	કુંભારસાખ નાટકનાં ગાયનો	,,		૦-૨-૦
૨૪	સન્યાસી નાટકના ગાયનો	,,		૦-૨-૦

શ્રી દેશી નાટક સમાજ.

ઠે૦ શ્રી શાન્તિભવન થીએટરમાં—**અમદાવાદ.**